પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૬ | ૨૮ ડિસેમ્બર, ૨૦૧૯, શનિવાર; પોષ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દિલ્હીમાં વિક્રમી ઠંડી : તાપમાન ૪.૨

ડિસેમ્બર મહિનામાં આવી ઠંડી આ અગાઉ વર્ષ ૧૯૦૧માં પડી હતી : દિલ્હીમાં ૧૧૮ વર્ષમાં બીજી વખત સૌથી વધુ ઠંડી : તીવ્ર ઠંડીના કારણે અનેક રાજ્યમાં ઓરેન્જ એલર્ટ : પંજાબ હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તરીય રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં બે દિન સુધી ઠંડીનો પ્રકોપ જારી રહેશે

ન્યુ દિલ્હી,તા.૨૭

સમગ્ર ઉત્તર ભારતમાં હાડ થિજાવતી ઠંડી આજે પણ યથાવત રહી છે. દિલ્હીમાં આજે સવારે લઘુત્તમ તાપમાન ૪.૨ નોંધાયું છે જે સીઝનનું સૌથી ઓછું તાપમાન છે. ૧૧૮ વર્ષ બાદ ઠંડીનો નવો રેકોર્ડ બની શકે છે. ડિસેમ્બર મહિનામાં આવી ઠંડી આ અગાઉ વર્ષ ૧૯૦૧માં પડી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઠંડી હજી પણ વધારે વધશે.

દિલ્હીમાં સતત ૧૪માં દિવસે કડકડતી ઠંડી પડી રહી છે અને આ અગાઉ ૧૯૯૭માં આવું થયું હતું જ્યારે સતત ૧૭ દિવસ સુધી હાડ થિજાવતી ઠંડી પડી હતી. હવામાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે ડિસેમ્બર મહિનામાં સરેરાશ મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી ઓછું ૧૯૨૯, ૧૯૬૧ અને ૧૯૯૭માં નોંધાયું હતું.

હવામાન વિભાગના અનુસાર, આગામી દિવસોમાં ઠંડી હજુ પણ વધવાની શક્યતા છે. લડાખનું દ્રાસ માઈનસ ૩૦.૨ ડિગ્રી સે. તાપમાન સાથે સૌથી ઠંડુ સ્થળ બની રહ્યું હતું. જ્યારે રાજસ્થાનમાં પણ કાતિલ ઠંડીનો સકંજો વધતા હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં તાપમાન ૧ ડિગ્રી સે. નોંધાયું હતું. કાશ્મીરમાં ચિલાઈ કલાનનો તબક્કો શરૂ થઈ ગયો હોવાથી હાડ થિજાવતી ઠંડીએ માઝા મૂકી છે.

હવામાન વિભાગે હિમાચલ પ્રદેશમાં ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરીએ બરફ વર્ષા થવાની આગાહી પણ કરી છે. શિમલા અને મનિલામાં તાપમાન ૨ ડિગ્રી સે. સુધી પહોંચ્યું હતું. એ જ રીતે પંજાબ અને હરિયાણામાં પણ તીવ્ર શીતલહેર અને ધુમ્મસનો અનુભવ લોકો કરી રહ્યા છે.

છેલ્લા ૧૧૮ વર્ષમાં ૨૦૧૯ બીજુ એવું વર્ષ છે જ્યારે દિલ્હીમાં સૌથી વધુ ઠંડી પડી રહી છે. ઠંડીનો આવો જ પ્રકોપ દેશના

● અનુસંધાન પાન-૭ પર

નાગરિકતા કાયદા મામલે રાહુલ-અમિત શાહ આમને-સામને

રાહુલ ગાંધી સાબિત કરે કે સીએએથી નાગરિકતા કઇ રીતે છીનવાશે ?

શિમલા,તા.૨૭

નાગરિકતા સંશોધન કાયદાને લઈને કોંગ્રેસ પર એકવાર ફરી ગૃહમંત્રી અમિત શાહે તીખો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ એન્ડ કંપની અફવા ફેલાવી રહી છે કે એક્ટ લઘુમતીઓની નાગરિકતા છીનવી લેશે. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યું કે, ''રાહુલ બાબા હું તમને ચેલેન્જ આપું છું કે કાયદામાં એકપણ જગ્યાએ કોઈની પણ નાગરિકતા લેવાની જોગવાઈ હોય તો બતાવો.''

તેમણે કહ્યું કે, ''દેશનાં તમામ મુસ્લિમ ભાઈઓ-બહેનોને અપીલ છે કે પહેલા ખુદ નાગરિકતા સંશોધન કાયદાને સમજો અને પછી બીજાઓને સમજાવે. નહીં તો જૂઠ અને ભ્રમ ફેલાવનારા દળો પોતાની વોટ બેંક અને સ્વાર્થ માટે આપણને આમ જ લડાવતા રહેશે.'' શિમલામાં હિમાચલ પ્રદેશ સરકારનાં ૨ વર્ષ પૂર્ણ થવાના અવસર પર અમિત શાહે કહ્યું કે, ''૧૯૫૦માં નહેરૂ લિયાકત કરાર થયો, જેની અંતર્ગત નક્કી થયું હતુ કે બંને દેશો લઘુમતીઓનું સંરક્ષણ કરશે. લાખો-કરોડો શરણાર્થીઓને કોઈ પુછી નહોતુ રહ્યું.''

● અનુસંધાન પાન-૭ પર

ભારતીય સેનાનો વળતો પ્રહાર : ૪ પાક. સૈનિક ઠાર

ભારતના સૈન્યએ પાકિસ્તાનની ઘણી ચોકી તોડી પાડી : સીઝફાયર ઉલ્લંઘનમાં પાકિસ્તાને મોર્ટારની સાથે સાથે ગોળીબાર પણ કર્યો

રાજૌરી,તા.૨૭

પાકિસ્તાન તરફથી સીમાપારથી કરવામાં આવતા ગોળીબારનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો છે. હવે ભારતીય સેનાએ પાકિસ્તાની સેનાની ચોકીઓ ધ્વસ્ત કરવાની સાથે કેટલાક પાકિસ્તાની રેન્જર્સને પણ મારી પાડ્યા છે. લાઈન ઑફ કંટ્રોલ પર સીઝફાયરનું ઉલ્લંઘન કરવું એકવાર ફરી પાકિસ્તાનને ભારે પડ્યું છે. જવાબી કાર્યવાહીમાં ભારતીય સેનાએ પાકિસ્તાનની ચોકીઓને તબાહ કરી છે. આ સાથે જ ભારતીય સેનાએ ૩-૪ પાકિસ્તાની રેન્જર્સને પણ ઠાર કર્યા છે.

ઉલ્લેખનીય છે કે ગુરૂવાર રાત્રે પાકિસ્તાને પુંછ-રાજૌરી સેક્ટરમાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હતુ અને મોર્ટારથી હુમલો કર્યો હતો. આ પહેલા બુધવારનાં જમ્મુ-કાશ્મીરનાં ઉરીમાં સીઝફાયરનું ઉલ્લંઘન કરતા પાકિસ્તાને મોર્ટાર ફેંક્યા અને ગોળીબાર પણ કર્યો.

● અનુસંધાન પાન-૭ પર

Vશાલ SUPER MARKET

અપના બજાર બિલ્ડીંગ, સેક્ટર-૬/એ, ગાંધીનગર Mo. 98242 77883

૫-૮ શિવાલય રેસીડેન્સી, કુડાસણ, ગાંધીનગર Mo. 9376277883

હવે અમે આપના માટે લાવ્યા છીએ... શાકભાજી પણ

● ટામેટા ● કોબીજ ● કોથમીર ● મેથીભાજી ● દૂધી - ૧ કિ. રૂ. ૧૫
● બટાકા ● ફુલાવર ● લીંબુ - ૧ કિ. રૂ. ૨૫
● મરચા ● તુવેર ● વટાણા - ૧ કિ. રૂ. ૪૦

અન્ય બીજી શાકભાજી પણ ઉપલબ્ધ છે...

આઈટમનું નામ	ભાવ રૂ.
અમૂલ-સાગર-મધુર - પતંજલી - ગોવર્ધન ઘી ૧ લીટર, ૨ લીટર, ૫ લીટર	રૂ. ૨૦ Off
મધુર ખાંડ ૫ કિલો (એમઆરપી. ૩૦૦)	રૂ. ૨૧૦/-
સર્ફ એક્સલ મેટીક ૨ કિલો - (ફ્રન્ટ એન્ડ ટોપ લોડ)	રૂ. ૧૦૦ Off
એરીયલ મેટ્રીક - ૨ કિલો (ફ્રન્ટ એન્ડ ટોપ લોડ)	રૂ. ૧૦૦ Off
રામદેવ - મરચુ - પાવડર ૧ કિલો,	રૂ. ૩૦ Off
બધા જ શેમ્પુ - ૬૦૦ ML +	રૂ. ૧૫૦ Off
વાઘબકરી ચા - ટાટા અગ્નિ ચા (૧ કિલો.)	રૂ. ૨૦ Off
પારલે ચોકલેટ/બિસ્કીટ બધા જ (કિંમત ૩૦ ઉપર)	૧૦ % Off
સફોલા ગોલ્ડ ૫ લિટર + ૧ લિટર ફ્રી	રૂ. ૭૭૦/-
બધા જ કમ્ફર્ટ વોશ-૮૬૦ મીલી, કોલગેટ-૨૦૦+૧૦૦ ગ્રા.	રૂ. ૧૦ Off
ડવ બાથ શોપ - ૧૦૦ ગ્રામ X ૩	રૂ. ૫૨ Off
સર્ફ એક્લેસ / એરીયલ મેટ્રીક ૪+૨ કિ.	રૂ. ૧૫૦ Off
રીન પાવડર ૪ કિલો.	રૂ. ૭૦ Off
હાર્પીક - ૧ કિલો	રૂ. ૧૫ Off
બોર્નવીટા-૧ કિલો ● વીમ ડીશવોશ લીક્વીડ ૧.૮ લી.	રૂ. ૬૦ Off
અંગુર તુવેરદાળ ૫ કિ. પેક (એમઆરપી-૬૦૦)	રૂ. ૫૧૦/-
આશીર્વાદ આટા ૫ કિલો (એમઆરપી.-૨૦૬)	રૂ. ૧૭૫/-
ગોપાલ પાપડ ૫૦૦ ગ્રામ	રૂ. ૭૭/-
લીજ્જત પાપડ ૧ કિલો. (એમઆરપી-૨૮૨)	રૂ. ૩૦ Off
તલોદ ખમણ ૫૦૦ ગ્રામ	૨૦% Off
યશ મઠીયા ૫૦૦ ગ્રામ (એમઆરપી-૧૫૦)	રૂ. ૧૧૦/-
ધરતી ચાટપુરી ૨૦૦ ગ્રામ (એમઆરપી-૩૦)	રૂ. ૨૩/-
મેગી ૪ પેક ૨૮૦ ગ્રામ (એમઆરપી-૪૫)	રૂ. ૪૦/-
તલ જીએમ લુઝ - ૧ કિલો	રૂ. ૧૬૫/-
ચોખા ગુ.-૧૭ શિવશક્તિ નવા ૨૫ કિ.	રૂ. ૯૦૦/-
અપ્પુ દિવેલ ૧ લિટર	રૂ. ૧૩૦/-
ડાબર ચ્યવનપ્રાશ ૧ કિલો (એમઆરપી ૩૧૦)	રૂ. ૨૬૫/-
ગુંદર બાવળ ૧ કિલો	રૂ. ૧૪૫/-
સુંઠ પાવર ૧ કિલો	રૂ. ૫૩૦/-
મેથી પાવડર ૧ કિલો	રૂ. ૯૦/-
ગુજરાત વન નિગમ - મધ ૧ કિલો	રૂ. ૩૦ Off
ફોરચ્યુન સન ફ્લાવર ઓઈલ ૧૫ લિટર ટીન	રૂ. ૧૪૭૫/-
અંકુર સીંગતેલ ૧૫ લિટર ટીન	રૂ. ૧૮૬૦/-
અંકુર કપાસીયા તેલ ૧૫ લિટર ટીન	રૂ. ૧૪૬૦/-

નોંધ : તમામ ઓફર સ્ટોક હશે ત્યાં સુધી જ ઉપલબ્ધ / સ્કીમ ફેરફાર કંપનીને આધીન

આર.કે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, કરમીપુરા માટે ઓપન ઈન્ટરવ્યુ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન સેલ્ફ ફાઈનાન્સ, શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ, કરમીપુરા સંચાલિત આર.કે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, મું:- કરમીપુરા, તા:-તલોદ, જિ:- સાબરકાંઠા માટે, (૧) ગણિત: ૦૧, (૨) નામું: ૦૨,(૩) અંગ્રેજી: ૦૧, (૪) ચિત્ર: ૦૧, (૫) ડ્રામા: ૦૧, (૬) પર્સપેક્ટિવ: ૦૪, (૭) ગુજરાતી: ૦૧, શૈક્ષણિક સ્ટાફની જરૂર છે. માન્ય યુનિવર્સિટીની Ph.D/NET/GSLET/ પૈકી કોઈપણ એક શૈક્ષણિક લાયકાત ધરાવતા તથા અનુસ્નાતક ૫૫%, M.Ed ૫૫% ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો એ ફોટો સહિત અરજી તેમજ સંપૂર્ણ અસલ પ્રમાણત્રો તથા પ્રમાણત્રોની પ્રમાણિત નકલો સાથે હાજર રહેવું જેમાં SC/ST/OBC ના ઉમેદવાર માટે ૫% છૂટછાટ મળશે, તથા પગાર ધોરણ UGC/NCTE/ યુનિવર્સિટી અને સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે.

ઈન્ટરવ્યુ માટેનુ સ્થળ

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ બી.એડ્. કોલેજ, બિહારીબાગ પાસે, આબુરોડ હાઈવે, પાલનપુર, તા: પાલનપુર જિ: બનાસકાંઠા.
તા: ૦૫-૦૧-૨૦૨૦ રવિવાર, સમય: સવારે ૧૧:૦૦ વાગે.
સંપર્ક: 9879931273, 9898472861, 9723149696

નોધ: ઈન્ટરવ્યુ સ્થળ ઉપર જણાવેલ કોલેજના સરનામાં મુજબ રાખવામાં આવેલ છે જે સૌ ધ્યાન રાખશો.

SALE SALE SALE

Year End Big Discount Factory Outlet SALE

Date : 28th to 30th Dec-2019

50-70% Discount on VIP/SKYBAG/ TRAWORLD Brand Luggage

VIP Skybags TRAWORLD



Special offer on Trolly - Buy 1 + Get 2=3

• Luggage Trolly • Duffel Bag, • School Bag • Laptop Bag

–: Place :–
Videocon Factory Gate , Opp. D Mart, Sector- 26 , Gandhinagar
9054548301 , 7779048302

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225